કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

જૂલાઈ–૨૧ વર્ષ : ૫૭



તંત્રી : વિરેન શાં. ધોળકિયા
મો. ૯૪૨૮૭૦૦૧૦૫ (WhatsApp)

બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
email : barchhi@rediffmail.com
www.barchhi.com





પડઘાતી લાગું મને ભીના આકાશમાં
પડઘાઓ નીર થઈ વરસે
બાર બાર વર્ષોની લીલે ખરડાઈનેય
પથ્થર રહયો છે સાવ પથ્થર
તરણાંની ઓથે મેં સાચવી તો રાખ્યા'તા
આંસુના આભ અડયા ડુંગર
આંસુ ઢોળાય અને દર્પણ ખરડાય
પછી ચહેરાને કેમ કોઈ દરસે
પડઘાતી લાગું મને ભીના આકાશમાં
પડઘાઓ નીર થઈ વરસે
સૂરજ વિહોણે ગામ પંખી થઈ ઊડવાની
ભ્રમણાની ચીંધી કોણે આંગળી
રસ્તે વીંધાઈ આંખ બેઉ પીંખાઈ
પાંખ રઝળે ઈચ્છાની ચાંચ પાંગળી
અહલ્યાનો શાપ હું તો વનમાં જીવું
ટેરવું અડવાની એક તરસે
પડઘાતી લાગું મને ભીના આકાશમાં
પડઘાઓ નીર થઈ વરસે

— આશ્લેષ ત્રિવેદી, અમદાવાદ
મો. ૭૪૩૬૦૦૬૭૩૬

# સુપ્રસિદ્ધ ક્રિકેટર વિનુ માંકડ વિશે જાણવા જેવું...

(વિનુ માંકડને તાજેતરમાં ઈંગ્લેન્ડ ખાતેના લોર્ડઝ ગ્રાઉન્ડ ખાતે વિશ્વના ખ્યાતિ પ્રાપ્ત ક્રિકેટરોની યાદી 'હોલ ઓફ ફેમ'માં સ્થાન આપવામાં આવ્યું. વિશ્વ કક્ષાના આ સન્માનને વધાવીએ પરંતુ તે માટે તેઓના નિર્ધાર, ક્રિકેટ માટેની લગન અને સખત મહેનત,સિદ્ધિ પ્રસિદ્ધિ મેળવ્યા છતાં તેમની સાદગી, સ્વભાવમાં નમ્રતા, કુટુંબ વત્સલતાનો ખ્યાલ આવે યુવા પેઢીને પ્રેરણા મળે તે હેતુથી કલમ કડછી બરછીના માર્ચ–૧૯૫૫/પાનુ–૮ ઉપર વિનુ માંકડ વિશે છપાયેલ લેખ અક્ષરસઃ પુનઃ પ્રકાશિત કરી રહયા છીએ. –તંત્રી)

હિન્દી ટીમની પાકિસ્તાન સફરની નેતાગીરી વિનુ માંકડે સફળ રીતે પાર પાડી છે. પાકિસ્તાન ગવર્નર જનરલ તરફથી હિન્દી ટીમને અપાયેલ વિદાય સમારંભમાં વિનુ માંકડની ખૂબ પ્રશંસા થઈ આજે હિન્દ અને જગતભરના ક્રિકેટ રસિકોમાં મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમથી તે ઈંગ્લેન્ડના ઐતિહાસિક લોર્ડ સુધી – પ્રથમ કક્ષાના ઓલરાઉન્ડર તરીકે વિનુનું જ નામ લેવાય છે. આપણી જ્ઞાતિના આ જામનગરના વતનીએ આજે રાજકિય પુરૂષો કરતાં પણ કદાચ વિશેષ ખ્યાતિ મેળવી છે.

વિનુ માંકડના આજના સાથીદારો ચાલતા શીખતા 'તા ત્યારે તેણે જામનગરની શેરીઓમાં ધોકાનું બેટ ને ગ્યાસતેલ(કેરોસીન)ના ડબ્બાની સ્ટંમ્પ બનાવી રમતની તાલીમ લીધેલ. મુરબ્બીઓ જ્યારે તેની આ ઘેલછા ઉપર હસતા ત્યારે તેઓને ખબર ન હતી કે આ ધોકાબાજ બાળક જગતભરનો ખ્યાતનામ ખેલાડી બનશે.

વિનુ માંકડના નામની અંદર પણ રમૂજ છે, તેનું મૂળ નામ મુળવંત માંકડ હતું પરંતુ સંજોગોવશાત તેની શાળાની ટીમના કપ્તાનનું નામ પણ મુળવંત માંકડ હતું અને તેથી તેણે પોતાનું નામ બદલી વિનુ રાખ્યું. જે આજે ક્રિકેટ જગતનું લાડકવાયું નામ બનેલ છે.તે વખતે કાઠીયાવાડની શાળાઓ વચ્ચે હીલ્ડશીલ્ડ રમાતી. ફાઇનલ મેચ રાજકોટ અને જામનગરની ટુકડીઓ વચ્ચે ચાલતો હતો. રાજકોટની ટુકડી જીતી જવાની જ આશામાં હતી કારણ જામનગરના બધા અગત્યના ખેલાડીઓ ખડી ગયેલ પરંતુ વિનુ માંકડે ટીમની વ્હારે આવી ને જામનગરને જીત અપાવી અને ત્યારથી તેમનું નામ કાઠીયાવાડમાં જાણીતું બન્યું અને ત્યાર પછી તો કાઠીયાવાડમાં ચતુરંગી મેચો,રણજી ટ્રોફી મેચો અને છેલ્લે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ માટે કંઈ કહેવાની જરૂર લાગતી નથી. રન અને વિકેટોમાં વિશ્વવિક્રમ નોંધાવનાર અને હેસ્લીગ્ટનમાં નામ કાઢનાર વિનુની કારકિર્દી ક્રિકેટ રસિકોને હૈયે અને હોઠે છે.આ બધી કીર્તિ છતાં પણ વિનુ માંકડ નમ્ર અને ખૂબ વિવેકી છે.જ્ઞાતિ માટે તેમને અભિમાન છે અને તેમાંથી નામાંકિત ક્રિકેટર નીકળે તે માટે તેઓ ખૂબ આતુર રહે છે.અમદાવાદના દિનેશ મેઢ આનો દાખલો પૂરો પાડે છે. મુંબઈની પન્નાલાલ ચાલમાં આજે પણ વિનુ રજામાં જાય ત્યારે યુવાનો સાથે ટેનીસના દડાથી ક્રિકેટ રમે છે.વિનુ માંકડના પુત્રો અશોક,અતુલ અને રાહુલ નાની ઉંમરમાં પિતાની જ રાહે પગલાં ભરશે તેમ દેખાય છે.તેનું કુટુંબજીવન પણ આદર્શ છે.તેઓ પરદેશ જાય છે ત્યારે તેમનાં પત્ની હિન્દના પાપડ જેવી નાની વસ્તુઓ લઈ જવાનું ભૂલતા નથી.વિનુ માંકડ તેના મિત્રોને ભૂલેલ નથી. શાળાજીવન દરમ્યાનના કેપ્ટન મુળવંતરાય આણંદરાય માંકડ વિનુને ઠેઠ જામનગરથી પરદેશ વળાવવા મુંબઈ જાય છે.વિનુ માંકડ સ્વભાવે શાંત અને લ્હેરી છે. તેમને રમતમાં જ રસ છે.રમતના ગંદા રાજકારણમાં તે કદી માથું મારતા નથી.તેઓએ રણજીત,દુલીપસિંહ અને અમરસિંહ પછી ક્રિકેટજગતમાં હિન્દનું નામ અમર બનાવ્યું છે.

# પ્રા. મનોજ છાયાએ પીએચ.ડી.ની પદવી મેળવી



ભુજની શ્રી રામજી રવજી લાલન કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ અને મદદનીશ પ્રાધ્યાપક શ્રી મનોજ બી. છાયાએ તૈયાર કરેલ અંગ્રેજી સાહિત્યના વર્ગખંડ આધારીત પ્રાયોગિક શિક્ષણ પર 'ઈફેકટીવનેસ ઓફ અ લર્નિંગ પેકેજ ટુ ટીચ ઈંગ્લીશ લીટરેચર એટ અંડર ગ્રેજ્યુએટ લેવલ' શીર્ષક સાથેના મહાનિબંધને વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે.આ અભ્યાસ એસ.પી.યુનિ.ના એસોશિએટ પ્રોફેસર ડો. અલ્કા મેકવાનના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૦૫થી અંગ્રેજી ભાષા અને સાહિત્ય શિક્ષણ ક્ષેત્રે કાર્યરત ડો.છાયાએ આ શોધ નિબંધ પોતાના શૈક્ષણિક અનુભવ માંથી નીપજ્યો હોવાનું જણાવ્યું હતું.અધ્યાપક તરીકેની કારકિર્દી શરૂ કરતા પૂર્વે તેઓ એમ.ફિલ.ની ઉપાધિ ધરાવે છે, યુજીસી નેટ (અંગ્રેજી) તેમજ ગુજરાતી સેટ (અંગ્રેજી)ની લાયકાત ધરાવે છે. ઉલ્લેખનીય છે કે ડો.છાયાએ અમેરિકાની પ્રતિષ્ઠિત ફુલબ્રાઇટ ફેલોશીપ મેળવેલ છે તથા યુનિવર્સિટી પેન્સિલવેનિયા ખાતે પણ અધ્યયન અને અધ્યાપનનો અનુભવ ધરાવે છે. જીપીએસસીની પસંદગી પ્રક્રિયામાં તેઓ પ્રથમ ક્રમાંકે રહયા હતા.ટીઝોલ ઇન્ટરનેશનલ (અમેરિકા)ની વાર્ષિક કોન્ફરન્સના સંશોધન લેખો માટે તેઓ 'પીર રીવ્યુઅર' છે. તેઓએ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની વિષય નિષ્ણાત ટીમના સભ્ય તરીકે પણ સેવાઓ આપેલી છે તેમજ અધ્યાપન તાલીમ કાર્યક્રમમાં નિષ્ણાત તરીકે સમગ્ર ગુજરાતમાં સેવાઓ આપી છે. તેમના પાંચ પુસ્તક,અભ્યાસલેખો તથા અનુવાદો પ્રકાશિત થયેલ છે.

પાઠ આયોજનથી માંડી ને પરીક્ષામાં સાહિત્ય વિશેની વિદ્યાર્થીઓની સમજને મૂલવવાના માપદંડો સહિતની બાબતોને આવરી લેતા આ અભ્યાસમાં અનેકવિધ સ્તરે અવલોકન સૂચન સમાવાયાં છે. તેમનું આ સંશોધન અંગ્રેજી સાહિત્ય શિક્ષણના પ્રારૂપને સામાન્ય વર્ગખંડોમાં બહેતર બનાવવામાં તથા ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓમાં સાહિત્યિક ક્ષમતાઓ વિકસાવવામાં મદદરૂપ નીવડશે એવી તેમને આશા છે.

# મુંબઈ સ્થિત હર્ષ બૂચ 'લેક્ષ ફાલ્કન'એવોર્ડથી સન્માનિત થયા

મૂળ ભુજના અત્રે હાઈકોર્ટમાં એડવોકેટ તરીકે પ્રેકટીસ કરી રહેલા હર્ષ ભગીરથભાઇ બૂચને કાયદા ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા 'લેક્ષ ફાલ્કન અવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. તા. ૭ એપ્રિલના રોજ દુબઈ ખાતે યોજાયેલી લેક્ષ ટોક વર્લ્ડ કોન્ફરન્સમાંમાં તેઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ એવોર્ડ માટે એક હજારથી વધુ નોમીનેશન આવ્યાં હતાં જેમાંથી એકસોની પસંદગી કરવામાં આવી હતી જેમાં હર્ષ બૂચનો સમાવેશ હતો.આ સન્માન મેળવનાર તેઓ સૌ પ્રથમ ગુજરાતી અને જ્ઞાતિ યુવાન છે.

અત્રે બીજી પણ વિશેષ નોંધ લેવાની કે હર્ષ બૂચના પિતાશ્રી ભગીરથભાઇ વિષ્ણુપ્રસાદ બૂચ મર્ચન્ટ નેવીના કેપ્ટન છે અને મુન્દ્રાના બંદરીય ઈતિહાસમાં સૌથી મોટું વ્યાપારી જહાજ મુન્દ્રા બંદરે લઈ આવવામાં તેઓનું મહત્વનું યોગદાન રહયું હતું. જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર પુત્ર–પિતાને ગર્વભેર અભિનંદન.

# ઉષાકાંતભાઇ માંકડ : એક કર્મઠ વ્યક્તિત્વ




રાજકોટના જ્ઞાતિ સાથે સમાજમાં પણ જાણીતા વરિષ્ઠ જ્ઞાતિજન ઉષાકાંતભાઇ અનંતરાય (લાલભાઇ) માંકડનો તા. ૨૯/૬/૨૧ના રોજ અમદાવાદ ખાતે ૮૯ વર્ષની જૈફ વયે દેહવિલય થયો. તેઓ મૂળ મોરબીના...શાળાકીય સમય ત્યાં જ વિતેલો. ને ત્યારથી જ તેઓની પ્રતિભા વિકસી હતી. અમે તો તેઓની આશરે ૩૦ વર્ષની ઉંમરે જ પ્રતિભાના દર્શન કર્યાં હતાં કે જ્યારે રાજકોટના જાગનાથ પ્લોટ શેરી નં. ૧૩/૩ના ખૂણે ગિરીજા નિવાસમાં રહેતા હતા ત્યારે તેઓ બરાબર સામે જ 'આશિષ'માં સંયુકત પરિવારમાં રહેતા હતા. તેઓએ તેમના જીવનફલક દરમ્યાન પોતાની જિંદગી અનેકવિધ સત્કાર્યોથી શણગારી હતી તેની એક ઝલક શ્રદ્ધાંજલી રૂપે જોઈશું...

વિદ્યાર્થીકાળમાં મોરબીમાં મહારાજા લખધીરસિંહના રાજ્યમાં લોક હિતાર્થે કરવામાં આવેલ સત્યાગ્રહમાં ભાગ લીધો અને કોંગ્રેસમાં જોડાયા. વિદ્યાર્થીઓની અનેક પ્રવૃત્તિઓમાં નેતૃત્વ કર્યું રાજકોટ આવ્યા બાદ ઈ.સ.૧૯૬૦માં સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન સ્વ.ઢેબરભાઇ સાથે દિલ્હીમાં કામ કર્યું. રાજકોટ ખાતે મ્યુનિસિપાલીટીમાં ઇ.સ.૧૯૬૨માં ચૂંટણી લડયા જીત્યા અને નગરસેવક પણ બન્યા. ઇ.સ.૧૯૬૦થી ઘણા વખત હોમગાર્ડ પ્રવૃત્તિમાં જોડાયેલા રહીને હોમગાર્ડ કમાન્ડન્ટ તરીકેના હોદ્દા સુધી પહોંચ્યા હતા, તો વળી ઇ.સ.૧૯૬૩ અને ૧૯૬૫માં પાકિસ્તાને આપણી સરહદો પર હુમલાઓ કર્યા ત્યારે ત્યાં સફળ કામગીરી બજાવી હતી.૧૯૬૭થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સેનેટ સિન્ડીકેટ ના સભ્ય બન્યા પછી કેટલાંક વર્ષો સેવા બજાવી.તેઓ બાલભવનની પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા હતા.જો કે મૂળ કામગીરીરૂપે તો તેઓ અદના પત્રકાર હતા.૧૯૬૦થી ફૂલછાબ વર્તમાનપત્રના માનનીય આધાર રૂપ પત્રકાર હતા અને ચીફ રીપોર્ટરની પદવી સુધી પહોંચ્યા. આ ઉપરાંત ગુજરાત સમાચાર,નૂતન સૌરાષ્ટ્ર, જનસતા,ચિત્રલેખા સાથે પણ સંકળાયેલા હતા.ફૂલછાબ સાથે ૧૯૮૦થી ૧૯૯૮ સુધી સવિશેષ જોડાણ હતું.તેમના પત્રકારત્વની નોંધ રાષ્ટ્ર કક્ષાએ લેવામાં આવી હતી.સાથે જ રાજકોટની રાષ્ટ્રીય શાળાની કામગીરીમાં જોડાયા. દેવેન્દ્રભાઇ દેસાઈ સાથે ખાદી ગ્રામોદ્યોગના ઉત્થાનમાં તેમના યોગદાન બદલ થોડા વર્ષ પૂર્વે તેઓને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ. આમ, આજીવન ગાંધીવાદી વિચારસરણીને અનુસરી, ખાદીના વસ્ત્ર અપનાવી સેવા કાર્યો કર્યાં...રાજકોટ ખાતે ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ, સરદાર વલ્લભભાઇ પટેલ ટ્રસ્ટ, સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિના મંત્રી તરીકે રહયા હતા.ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલના કાળના સંસ્મરણો જ્યાં સચવાયેલાં છે તે ક.બા.ગાંધી સ્મારક(ડેલા)માં આ બંને વિભૂતીઓના ફોટાઓ લેમિનેટ કરીને મૂકાવ્યા હતા.આ સ્મૃતિ સ્મારકનું રૂા. ૨૦ લાખનો લોકફાળો એકત્ર કરી નવિનીકરણ કરાવવામાં યોગદાન આપ્યું હતું.તેઓ કોંગ્રેસના અનન્ય રાજકીય પ્રવૃતિના સભ્ય હતા, આજીવન કોંગ્રેસી જ રહયા અને ૧૯૮૦થી રાજકીય ક્ષેત્રને તિલાંજલી આપી.

આમ આજીવન લોકહિતના અસંખ્ય કાર્યો કરનાર સમાજસેવી ઉષાકાંતભાઇને ભાવભરી શ્રધ્ધાંજલી સાથે કોટિ કોટિ નમન.

—જસમીનભાઇ દેસાઈ,રાજકોટ.

અમે પૂરક નોંધ લઈએ તો ઉષાકાંતભાઇ અને અમારા પિતાશ્રી શાંતિભાઇએ સને૧૯૫૮–૬૦માં ભારત સેવક સમાજમાં સાથે સેવાકાર્યો કર્યાં હતાં.૧૯૪૭માં પાકિસ્તાન પાસેથી જૂનાગઢનો કબજો મેળવવા સમયે શાંતિભાઇ સીવીલ લાયેઝન ઓફીસર હતા તેના અનુભવને ધ્યાનમાં લઈ ૧૯૭૦માં ભારત પાકિસ્તાન યુધ્ધ દરમ્યાન શાંતિભાઇની ચીફ વોર્ડન ઓફીસર તરીકે નિમણુક કરવામાં આવી હતી ત્યારે ઉષાકાંતભાઇ હોમગાર્ડઝ કમાન્ડન્ટ હતા તે સમયે પણ બંનેએ સાથે કામગીરી બજાવી હતી.તેમને શાંતિભાઇ માટે જીવનભર અનન્ય આદર રહયો હતો. જે થકી અમારા ખબરઅંતર પૂછે છેલ્લે સુધી બરછીના વાંચક વિવેચક રહયા, આમ અમે પણ તેમનો પ્રેમભાવ પામ્યા હતા.વોટ્સએપ દ્વારા ગ્રુપ–અંગત રીતે સૌ સાથે સંપર્કમાં રહી સંબંધો જીવંત રાખ્યા હતા. જીવન અને કારકિર્દીની ભરતી ઓટમાં તેમનાં પત્ની સરયૂબેને સાથ આપી ખરા અર્થમાં હમસફર બની રહયાં હતાં. નીડર પત્રકાર,મુત્સદી રાજપુરૂષ એવા મુ.ઉષાકાંતભાઇની સારી શાખ તથા અનેકવિધ સેવા પ્રવૃતિઓ, નિષ્ઠા અને પ્રામાણિકતાની સુવાસને કારણે વડાપ્રધાન, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી, ગવર્નર સહીતના અનેક મહાનુભાવો,જ્ઞાતિ ઇતર જ્ઞાતિ સંસ્થાઓ તરફથી તેમના નિધન બદલ શોક સંદેશાઓ સાથે સેવાઓને બિરદાવી શ્રધ્ધાંજલી પાઠવતા સંદેશાઓ મળ્યા.સદ્ગત આત્માની શાંતિ પ્રાર્થના સાથે બરછી પરિવારના શ્રદ્ધાસુમન..હરિ ૐ




<u>અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :</u>

અ.સૌ.ધારીણી મનીષ દેસાઈ, જયશ્રીબેન દીપિનચંદ્ર દિવાન–૭૯,ગં.સ્વ.ઉર્મિલાબેન–૮૯ વર્ષ, લીનાબેન રમેશચંદ્ર નાણાવટી–૭૨ વર્ષ, ચંદ્રકાન્તભાઇ વી. ધોળકિયા, પ્રબોધચંદ્ર ગુણવંતરાય વૈદ્ય, જૂનાગઢ. જયપ્રકાશભાઇ ગજેન્દ્રભાઇ ત્રિવેદી–૭૩ વર્ષ, મા.ચંદાબેન વિશ્વકાંત માંકડ, લતાબેન દેવેન્દ્રભાઇ માંકડ – રાજકોટ, અ.સૌ.જલ્પા યશ પોટા–અંજાર. નિલેશ ગીરીશભાઇ જોષીપુરા– ૫૫ વર્ષ –અમદાવાદ. લીલાવતીબેન ખંડુભાઇ મંકોડી–જામનગર.માર્કંડરાય જે. વસાવડા,કનકરાય હરસુખરાય છાયા–૯૪ વર્ષ–વડોદરા. તરલિકાબેન કશ્યપભાઇ બુચ

### ઓ શિવજી...

ઓ શિવજી! આપ તો અલૌકિક સાગર ખરે–
ને અમે ડૂબકી મારી પાવક થઈએ...
શિવજી શિવજી કહેતાં કૈલાસ નજરે તરે–
ભક્તિભાવે ભજતાં ભાવુક થઈએ...
ઓ શિવજી! આપ તો કલ્યાણી યજામહે–
આપની કરૂણા થકી તો સાર્થક થઈએ...
શિવજી શિવજીના રટણમાં જીવન ગુજરે–
બસ,વ્યવહારમાં ન અનાસક્ત થઈએ...
ઓ શિવજી! આપના શરણે તે રહેવા દો–
ન કોઈ દુર્બુદ્ધિએ તે ઘાતક થઈએ...

–જસમીન દેસાઈ–દર્પણ–રાજકોટ.

મો. ૯૪૨૮૩૪૯૮૧૨

## કાચો ભક્ત હું...

જો મળે પ્રભુ તો કરૂં નમન
પરખાય ના મુજથી તો શું?
રાહ જોતાં થાય પૂરૂં જીવન.
ભવભવના ફેરા કરૂં છું હું?
કંઈવાર પથ પર નજર કરી,
પર્વત નદી તરૂવર ભાસી,
કોઇ માટીડાના ઉરે વહી,
ન દીઠા મીટ માંડી ઘણી.
ચર્મચક્ષુઓ સુકાઈ ગયાં,
અંતઃચક્ષુ નીરખે તો કહું,
ખાલી જોળી લઈ ફરતો રહયો,
કોઈ એવા ટાણે મળી ગયું
ક્યારે દાની ભિક્ષા દઈ ગયો
પગલાં પૂજવાનું રહી ગયું
પંડપીંડની દોટ બહુ કરી
મૂર્તિમાં હરિ ખોળું બહુ
પડતો રહયો હું પંથમાં જહી
હાથમાં ઝાલ્યો કોણે દેખું મહી
એ બીજું ના કોઈ મારો હરિ
મુજ પૂંઠે એ ચાલે અહીં
'પ્રાર્થક' ભક્તિ ડગર પર
ભવે ભટકેલ કાચો ભક્ત હું.

ચિરંતન પટ્ટણી, વડોદરા.
મો.૯૧૦૬૯૫૫૭૧૮

## શબ્દ સરોવર...

શબ્દ સરોવરનાં આ પ્રેમપત્રમાં એનો પ્રેમ બહુ છલકે
અક્ષરોના મરોડ આમતેમ વળે લાગે જાણે મને એ આલિંગે
શબ્દ સરોવરનાં એક એક શબ્દે મન મારૂં હિલોળે ચડે
એક એક શબ્દ વાંચતા મન મારૂં એને મળવા તલસે
આંખો બંધ કરી જોઉ હું એને તો હૈયુ મારૂં હેતે હેતે ઉભરે
શબ્દ સરોવરના દરેક અલ્પવિરામે કે પૂર્ણવિરામે હૈયું મારૂં ધબકારો ચૂકે
શબ્દ સરોવરમાં આવતાં આ અકારણ શબ્દોનો વિરામ તો મારા મનને બહુ તડપાવે
શબ્દ સરોવરનાં ઉંડાણે જઇ હું એક ડૂબકી લગાવું તો અપાર લાગણીઓ જ જડે
એકમેકના વિયોગમાં પ્રેમપત્રની આપલે પછી તો આંખ માંથી આંસુડાં જ સરે
આંગળીઓના ટેરવે શબ્દદેહે અક્ષરોને અડતા એને એના પ્રેમપત્રનો જવાબ આપોઆપ મળે
પ્રેમપત્રના અક્ષરોને માત્ર હું આંખોથી જ સ્પર્શું તોય મારૂં મન રોમાંચ અનુભવે
શબ્દ સરોવરનાં પ્રેમપત્રની મૂક સાક્ષીએ આવા મનડાં તો કો'ક જ મળે

–દિવ્યકાંત વિ. છાયા,ભુજ. મો.૯૪૨૮૨૧૪૬૪૧

---




કાયમ હોઠે મેં દુઆ રાખી'તી
એણે શંકા, મેં શ્રદ્ધા રાખી'તી
હોઉ સાવ ભલે સુદામો હું પણ,
મનના ખૂણે દ્વારિકા રાખી'તી
સૌ છોડી ગ્યા વારાફરતી જેણે
નહીં છોડે એવી બાધા રાખી'તી
શૈશવ ક્યાંક મળે પાછું રસ્તે તો
ખિસ્સે દાદીની વાર્તા રાખી'તી
સઘળી દિશાઓ સંકેલીને મેં
એના ચરણે યાત્રા રાખી'તી
સૌએ રાખ્યા'તા ઈશ્વરને ઘરમાં
ને મેંતો બસ ખાલી મા રાખી'તી

શૈલેષ પંડયા–નિશેષ

## સમાચાર સંચય

- બેંગ્લોર : અત્રે સ્થિત સૌ.ડો.અક્ષી મલ્હાર અંજારીયાને પાર્ટિયા હેલ્થકેર કંપનીમાં માત્ર સાડાત્રણ વર્ષના ટૂંકા ગાળામાં બે પ્રમોશન મળ્યાં અને માત્ર ૩૨ વર્ષની યુવા વયે સમસ્ત કર્ણાટક,કેરાલા રાજ્યની પાર્ટિયા હેલ્થકેર ગ્રુપની કંપનીમાં ફિઝીયોથેરાપી વિભાગના મેનેજર તરીકેની જવાબદારી સોંપવામાં આવી. તેમને કંપની તરફથી caring,compassionate, always available to empathisize and guide patients and team તેવું પ્રશસ્તિપત્ર(સર્ટિફીકેટ) અને એવોર્ડ પ્રદાન થયા. ડો.અક્ષી અમદાવાદના સુનીલભાઇ અને કુમુદબેન અંજારીયાનાં પુત્રવધૂ તથા વડોદરાના કિરણભાઇ અને શ્વેતાબેન રાણાનાં પુત્રી થાય.
- અમદાવાદ : શ્રી પમ્નિન બૂચને ડો. બી.વી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના માનદ્ સેક્રેટરી તરીકે આમંત્રિત કરી નિમણુંક કરવામાં આવ્યા. આ ટ્રસ્ટમાં ડો.પંકજભાઇ પટેલ—ચેરમેન—ઝાયડસ ગ્રુપ, ડો. કોશિયા—ડ્રગ કમિશ્નર—ડો.નવિન શેઠ—વાઇસ ચાન્સેલર—જીટીયુ, ડો. છાબરીયા— પ્રિન્સિપાલ એલએમસીપી. જેવા મહાનુભાવો પણ કાર્યરત છે.આ ટ્રસ્ટ મુખ્યત્વે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે નવી ટેકનોલોજી અને પધ્ધતિ અંગે તાલીમ આપશે.પમ્નિનભાઇની નિમણુક બદલ ગર્વભેર અભિનંદન પાઠવીએ.
- અત્રેના શ્રી તુષારભાઇ તથા શ્રીમતી હિનાબેન મહેતાનાં પુત્રી કુ. તનુશ્રી આઇ.એમ.બી.એ. ના છઠ્ઠા સેમેસ્ટરમાં ૭૮%—ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થઈ બી.બી.એ.ની પદવી મેળવી.
- અત્રેનાં કુ. દ્રષ્ટિ પન્નગ માંકડ રચિત ચિત્ર(ડ્રોઈંગ) લખનૌ—યુપી—લલિતકલા એકેડેમી તરફથી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યું. જે પ્રદર્શની ૨૮/૫ના રોજ ઓનલાઇન જોવા ખુલ્લી મૂકવામાં આવી.
- રાજકોટના અત્રે સ્થિત ભૂષિત ભાવિનભાઇ વસાવડા અદાણી ગ્રુપમાં ડેપ્યુટી મેનેજર તરીકે પસંદગી પામ્યા.
- જાપાન ઓલિમ્પીકમાં ભાગ લેવા જઈ રહેલા ભારતીય ખેલાડીઓના જોમ અને જુસ્સો બુલંદ થાય તેથી દેશના જુદા જુદા ક્ષેત્રની નામાંકિત વ્યકિતઓના શુભેચ્છા સંદેશ કેન્દ્ર સરકારના માહિતી પ્રસારણ વિભાગ એટલે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB) ના ટ્વીટર પર મૂકવામાં આવ્યા.જેમાં ગુજરાત એકમની જૂજ વ્યકિતઓના સંદેશા મૂકવામાં આવ્યા જેમાં લોકપ્રિય લેખક અને કટાર લેખક શ્રી ભવેન કચ્છીનો પણ સમાવેશ થયો. હિન્દી અને ગુજરાતી ભાષામાં તેઓના જોશીલા અવાજમાં ભારતીય ખેલાડીઓને શુભેચ્છા પાઠવતા વિડીયો (PIB) ના ટ્વીટર પર મૂકાયા.
- અ.ભા.નાગર પરિષદ અમદાવાદ શાખાના ઉપક્રમે તા.૨૦/૬/૨૧ના રોજ યોગાભ્યાસ થકી તંદુરસ્તી વિષયે ઓનલાઇન યોગ કાર્યક્રમનું આયોજન થઈ ગયું.જેમાં શ્રીમતી માલાબેન શૈલેષભાઇ વ્યાસ દ્વારા યોગાભ્યાસની ઉપયોગિતા તથા નાની મોટી બિમારી સામે કયા યોગ અસરકારક તેનું માર્ગદર્શન આપી નિદર્શન કરવામાં આવ્યું હતું.
- જૂનાગઢ : ગત માસમાં અત્રેના શ્રી હાટકેશ ભ્રાતૃ મંડળ દ્વારા ઓનલાઇન લગ્નગીત સ્પર્ધાનું આયોજન થઈ ગયું. દેશ વિદેશના જ્ઞાતિજનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. જે ચાર વિભાગમાં યોજાયેલ આ

સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે લોકપ્રિય ગાયક કલાકાર શ્રી હિતશ્વ નાણાવટીએ પોતાની સેવા આપી હતી.

- અત્રેનાં ગાયત્રી મંદિર ખાતે સમાજ ઉપયોગી વિવિધ ધર્માદા પ્રવૃત્તિઓ ચાલી રહી છે.જેમાં જાગૃતિબેન ખારોડ સક્રીય રીતે પોતાનું યોગદાન આપી રહયાં છે. તાજેતરમાં ચોમાસામાં ઉપયોગી થાય તે હેતુથી તેઓએ પાંચ છત્રી માટે રૂા.૨૫૦૦નું અનુદાન આપી એક નવી પહેલ શરૂ કરી. કોઈને દાન–પૂણ્ય કરવાની ઈચ્છા હોય તો શ્રી જગદીશભાઇ વસાવડા–મો.૮૫૩૦૩૧૩૧૧૯નો સંપર્ક કરી શકો છો.
- જામનગર : અત્રેનાં શાંમ્ભિકે ગ્રુપ દ્વારા જ્ઞાતિને વિવિધ ક્ષેત્રે પોતાની સેવાઓ આપી પ્રેરક બની રહેનાર જ્ઞાતિજનોનું સન્માન કરવામાં આવ્યું.આ માટે હાટકેશ જયંતીના રોજ સમારંભ યોજવાની ઈચ્છા હતી પરંતુ સંજોગોને આધિન તે શકય ન બનતાં ગ્રુપના સભ્યો દ્વારા દરેકને નિવાસ સ્થાને જઈ યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.નંદિનીબેન દેસાઈને તથા ડો. કેયૂરભાઇ બક્ષી–જ્ઞાતિ ગૌરવ,શ્રી અશોકભાઇ બુચને નાગર રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.જ્યારે શ્રી પ્રવિણભાઇ બુચ,શ્રી હેમપુષ્પભાઇ ધોળકિયા, શ્રી નિમિષભાઇ બક્ષી તથા શ્રી જયેશભાઇ તથા રશ્મિબેન પોટાને નિઃસ્વાર્થ જ્ઞાતિ સેવા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.તો શ્રી ભદ્રેશભાઇ માંકડને ઉત્તમ સેવા પ્રબંધન એવોર્ડ,જલ્પાબેન વૈશ્નવને લોખંડી નારી રત્ન એવોર્ડ,શ્રી કેતનભાઇ ધોળકિયા તથા હેમાક્ષી બુચને હાટકેશ કર્મયોગી એવોર્ડ એનાયત કરવામાં આવ્યા.એવોર્ડ ચયન સમિતિમાં શ્રી ભોળાનાથભાઇ રીડાણી તથા શ્રીમતી છાયાએ પોતાની સેવા આપી હતી.
- જામનગર : ભક્તિપર્વ શ્રાવણ માસ પૂર્વે અત્રેના હાટકેશ્વર મંદિરમાં જર્જરિત થઈ ગયેલા ચાંદીના થાળાની જગ્યા વિશિષ્ટ આકર્ષક કોતરણીવાળા થાળાની ગુરૂપૂર્ણિમાના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી. આ થાળાને જ્ઞાતિજનો તરફથી શિવાર્પણ થયેલ રકમ તથા અગાઉ મળેલા ચાંદીના અનુદાનમાંથી તૈયાર કરવામાં આવ્યું છે. જેના નિર્માણ માટે વિશિષ્ઠ શાસ્ત્રોકત જ્ઞાન ધરાવતા જ્ઞાતિજનોની કમિટી બનાવવામાં આવી હતી.
- વલ્લભવિદ્યાનગર : અત્રેના એસ.પી.યુનિ.ના સી.સી.પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર,NSS,તથા અરવિંદ ચેરના સંયુક્ત ઉપક્રમે અમેરિકા સ્થિત વાસ્કયુલર સર્જન ડો.કલિન્દ બક્ષી(જામનગરના ડો. રામપ્રસાદ બક્ષીના પૌત્ર) દ્વારા વિશ્વ યોગ દિવસ નિમિત્તે ભારતીય તેમજ અન્ય પધ્ધતિઓ દ્વારા પ્રાણાયામ થકી ફેફસામાં ઓક્સિજનનું સંવર્ધન કેમ કરવું તેનું માર્ગદર્શન,કોવિડ પછીના ફેફસાંના સ્વાસ્થ્યની સંભાળ તથા જાપાનીઝ પધ્ધતિ તાઈ ચી વિશે માહિતીપ્રદ વાર્તાલાપનું ઓનલાઈન આયોજન થઈ ગયું.
- રાજકોટ : શ્રી દુર્ગેશ ઘનશ્યામભાઇ વૈશ્નવ ઈન્ડીયન ઓવરસીઝ બેંકમાં ૩૭ વર્ષ સન્નિષ્ઠ ફરજ બજાવી તા. ૩૧/૭/૨૧ના રોજ નિવૃત્ત થતાં બેંકના અધિકારીઓ, કર્મચારીગણ તરફથી પરિવારની ઉપસ્થિતિમાં તેમની સેવાને બિરદાવી, શુભેચ્છા પાઠવી,કાર્યની કદર રૂપે પુષ્પગુચ્છ મોમેન્ટો આપી વિદાયમાન આપવામાં આવ્યું.

- અત્રેના શ્રી હિમાંશુ વૈદ્ય એચડીએફસી. બેંક આયોજીત ઓલ ઇન્ડીયા કરાઓકે ગાયન સ્પર્ધામાં ત્રણ રાઉન્ડ પૂર્ણ કરી ફાઈનલ રાઉન્ડ માટે ક્વોલીફાઇડ થયા.
- આજના સ્પર્ધાત્મક સમયમાં નવી પેઢીને કારકિર્દી ઘડવા અભ્યાસમાં નવી કેડી કંડારવા માર્ગદર્શન પૂરૂં પાડવાના હેતુથી જ્ઞાતિના અનુભવી પ્રાધ્યાપકો દ્વારા વેબિનારનું તા. ૧૧ જૂલાઈના રોજ આયોજન થઇ ગયું.જેમાં ધોરણ–૧૨ પછીના અલગ અલગ કેરિયર ઓપ્શન અંગે માહિતી આપવામાં આવી હતી. જેનો ૫૦ જેટલા જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.–જ્ઞાતિ યુવાનો નવી કેડી કંડારી પ્રગતિ કરી રહયા છે કોણ કયાં છે તેનાથી સૌને વાકેફ કરવા ગર્વભેર નામોલ્લેખ સાથે– રસના કંપનીના એચઆર. હેડ ડો.ગૌરવ બુચ દ્વારા કોર્પોરેટ અને ખાસ કરીને હ્યુમન રીસોર્સ સેકટરમાં નોકરીની વર્તમાન તક વિશે માહિતગાર કર્યા તો આત્મીય યુનિવર્સિટીના પ્રા.ડો.હિતાર્થ ભટ્ટે માયક્રોબાયોલોજી ક્ષેત્ર અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે કાર્યરત ડો. નિધિ બુચ દ્વારા કાયદા ક્ષેત્રે કારકિર્દીમાં રસ ધરાવતા સંતાનોને પોતાના અનુભવો સાથે દિશાનિર્દેશ આપેલ. ન્યુટ્રીશનીસ્ટ પૂર્વી જોષીપુરા અને હર્ષલ દેસાઇ જેઓ રાજકોટમાં આર.કે.યુનિવર્સિટીમાં કાર્યરત છે તેઓ પણ તજજ્ઞ તરીકે સામેલ હતા. સમગ્ર આયોજનમાં ડો.પાયલ મહેતાએ સફળ સંચાલકની ભૂમિકા અદા કરી હતી તો ડો.અનેરી શુકલએ સોશ્યલ મીડિયા પ્રમોશનની અને ડો.નીરજા વસાવડાએ કાર્યક્રમ અંગે પોસ્ટર ડિઝાઇન અને વેબ એકસપર્ટ તરીકેની જવાબદારી અદા કરી હતી.ડો.હર્મિક વૈશ્નવના આ ઉપયોગી યુવાલક્ષી વિચારને ડો.મિલિન્દ જોષીપુરા અને ડો.નિનાદ ઝાલાએ સાથ આપી વેગવંતો બનાવ્યો હતો.આ વેબિનારના આયોજનના પ્રચાર પ્રસારની જવાબદારી જાણીતા કલાકાર અને સંચાલક ચેતસ ઓઝાએ સંભાળી હતી.તેઓએ બરછીને જણાવેલ કે આગામી સમયમાં Nagars@University ઉપર અન્ય કારકિર્દીલક્ષી માર્ગદર્શનના કાર્યક્રમોનું આયોજન થશે. તેમજ આ નામ પરથી બનાવાયેલ ફેસબુક પેજ પરથી માહિતી મળતી રહેશે.

## વિદેશમાં જ્ઞાતિ યુવાન મિહિર દેસાઈ સન્માનિત થયા




અમદાવાદ સ્થિત શ્રી નિમિષભાઇ હરકાન્તભાઇ દેસાઈના પુત્ર મિહિર દેસાઈ Arkansas Little Rock USA ખાતે Welsupn Tubular Company માં ૨૦૦૯થી ફરજ બજાવી રહયા છે અને તેઓની કાર્યસૂઝ અને નિષ્ઠાથી હાલમાં ડાયરેકટર–સપ્લાય ચેઈનના ઉચ્ચ હોદ્દા ઉપર કાર્યરત છે. ઉપરાંત તેઓ Arkansas Stateની એકસપોર્ટ કાઉન્સીલમાં વાઈસ ચેરમેન તરીકે પણ માનદ્ સેવાઓ આપી રહયા છે.

AR Cansa State દ્વારા દર વર્ષે ૪૦ વિશિષ્ઠ વ્યવસાય સાહસિકોને પસંદ કરી સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે આ ૪૦ વિશિષ્ટ પ્રતિભાસંપન્ન વ્યકિતઓમાં શ્રી મિહિર દેસાઈનો પણ સમાવેશ થયો છે.જે સમસ્ત જ્ઞાતિ માટે ગૌરવની બાબત છે.

તેઓ ભાવનગરના સાદગી અને સૌમ્યતા સભર જ્ઞાતિના આજીવન પરમાર્થી મૂક સેવક સ્વ.મુ. હરકાન્તભાઇના પૌત્ર થાય.

## વિણેલા મોતી – હિમાંશુ રાણા





(૧) દેહાશક્તિ છૂટી જાય તો દેહ સેવાનું સાધન છે.
(૨) નિષ્કામકર્તાને સતત સેવાકર્મનીજ ફિકર હોય છે.
(૩) વાસનાથી છૂટકારો એટલે જ મોક્ષ.
(૪) પરમાર્થી માણસનું કર્મ આત્મવિકાસ કરનારૂં નીવડે છે.
(૫) કર્મમાં વિકર્મ રેડવાથી કર્મમાં દિવ્યતા આવે છે.
(૬) શુદ્ધ વહેહાર કરવો એટલે જ પરમાર્થ.
(૭) સર્વત્ર માંગલ્ય નીરખવાથી ચિત્ત શાંતિ મળે છે.
(૮) ઉદાત વિચારોનું મનમાં ચિંતન કરતાં પવિત્ર સંસ્કાર જન્મે છે.
(૯) નિરાશ થવું એટલે નાસ્તિક થવું.
(૧૦) આપણી ઊંઘ એ એક સમાધિ અવસ્થા જ છે.
(૧૧) આ અપાર સૃષ્ટિ એ ઈશ્વરનું એક પુસ્તક છે.
(૧૨) મા નિઃસીમ સેવાની મૂર્તિ છે.
(૧૩) પ્રયત્નમાં ભક્તિ અને આત્મજ્ઞાન ભળે એટલે પૂર્ણતા આવે.
(૧૪) સૃષ્ટિનું ક્ષરપણુ નાશવંતપણુ છે એટલે જ નવીનતા છે.
(૧૫) જો માયાને તરી જવું હોય તો હરિશરણમાં જવું.
(૧૬) રામાયણનું હાર્દ એટલે 'સીતા' મહાભારતનું હાર્દ એટલે 'ગીતા'
(૧૭) મોહિત થયેલો માણસ છટકબારીઓ શોધ્યા જ કરે છે.




(૧૮) કામ–ક્રોધને કારણે માણસ અનિચ્છાએ પાપ તરફ ખેંચાય છે.
(૧૯) અસિમ ભોગવાસનાઓ રાખનારની ચિંતાઓનો અંત હોતો નથી.
(૨૦) જગતની પાછળ દોડવું એ છાયાની પાછળ દોડવા જેવું છે.
(૨૧) જીવનમાંથી ગીત, સંગીત અને લય ખોવાય તો જીવન આકરૂં બની જાય છે.
(૨૨) નમ્રતા, જીજ્ઞાસા અને સેવા એ જ્ઞાન પ્રાપ્તિના સાધનો છે.
(૨૩) સંબંધને માલિકીભાવથી તાણવાને બદલે અહોભાવથી માણવા જોઈએ.
(૨૪) દુઃખના સંયોગોનો વિયોગ એટલે યોગ.
(૨૫) અધ્યાત્મમાં પ્રભાવનો નહી સ્વભાવનો મહિમા છે.
(૨૬) જલકમલવત રહેવાની કલા જેણે સાધી તે જ સાચો યોગી છે.
(૨૭) સંપૂર્ણ શરણાગતિ એ ભક્તની પરાકાષ્ટા છે.
(૨૮) શિવના સહવાસમાં જ જીવને સાચી શાંતિ પ્રાપ્ત થઈ શકે.
(૨૯) પ્રયાણકાળે પ્રભુનું સ્મરણ કરનાર પ્રભુને પામે છે.
(૩૦) મૃત્યુ તો જીવનનો સરવાળો છે.

આભાર ઉઠાંતરી : દૈનિકમાં શ્રેષ્ઠ સંદેશ અને
પોતાના ઉત્તમ મૌલિક વિચાર લખાણનો સુમેળ
દરરોજ વો.એપથી મોકલનાર નીતિનભાઈ માંકડ
(બીગોભાઈ)રાજકોટ



સ્મૃતિ વંદના

હિમાંશુભાઇ રાણા સાથે ઘનિષ્ઠ સંબંધ. ગત વર્ષે મે માસમાં કોવિડમાં થોડી રાહત હતી તેથી તા.૧૦ મે ૨૦૨૦ના રોજ બરછી કાર્યાલયે રૂબરૂ મળવા આવ્યા. પરિવાર, અલક મલક, ચિંતનની વાતો થઈ અને અગાઉની જેમ બરછી માટે સાત્વિક સાહિત્યનું 'ભાથું' આપી ગયા. સ્વપ્નેય ખ્યાલ ન હતો કે આ તેમની સાથે છેલ્લી મુલાકાત હશે પરંતુ આજે આ ચિંતનવાકયો વાંચતા, ટાઈપીગ કરતાં મને અને જે કોઈ નજીક થી જાણતા હશે તેને લાગશે કે આ વાકયોમાં ખરેખર તેમનું જીવન દર્શન છે!..

ખંભાળીયાના મુ. રજનીકાન્તભાઇ બુચનું પણ આવું જ લાગે. જીવનમાં અનુસરી ને સંવારવા જેવી ચિંતનાત્મક સામગ્રી મળે.તેઓએ પણ વિદાય લઈ લીધી. તેમની કલમેથી નીતરેલા વિશુધ્ધ વિચારો પણ તેમનું જ જીવન દર્શન લાગે!

અહંરહિત, નિર્મળ, નિર્લેપ, પ્રેમાળ પ્રકૃતિના, દરેકનું કલ્યાણ ઈચ્છનારા વિરલાઓ ઓળખવા કઠિન હોય છે..આવા પુણ્યાત્માઓ વંદનીય છે, સાથે રાખીએ.

## તમારી માલિકીનું કાંઈ નથી

સંસારમાં રહીને તમે તમારા બધાં કર્તવ્યો ભલે કરતા રહો પણ તમારા મનને પ્રભુમાં લીન રાખીને કરો. સંસારમાં માતા પિતા,પત્ની, પુત્ર પરિવાર સહિત રહો અને તે સૌને તમારા પ્રણાત્માસમાન આત્મીય દ્રષ્ટિએ નિહાળીને તેમની સેવા કરો. એ બધું મનમાં એવી ચોક્કસ સમજ રાખીને કરો કે તેમાંનું કોઈ તમારૂં નથી.

## અપ્રતિમ (અજોડ)

દુઃખ સમાન ગુરૂ નથી,
દયા સમાન ધર્મ નથી
આત્મીયતા સમાન સંપતિ નથી,
સદ્ગુરૂ સમાન કોઈ સૂહદ નથી.
ક્રોધ સમાન કોઈ શત્રુ નથી,
બ્રહ્મ સમાન કરવાનું કામ નથી.
સત્સંગ સમાન સંસારથી તારે એવી કોઈ નૌકા નથી,
ભારતવર્ષ સમાન યોગાભ્યાસ અનુકુળ દેશકાળ નથી.
શંકરાચાર્ય સમાન અદ્વૈતવાદના ગુરૂ નથી.
શુદ્ધિ સમાન સદ્ગુણ નથી.
અપકાર સમાન નીચતા નથી.
ભગવદ્ ગીતા સમાન કોઈ ગ્રંથ નથી.

—રજનીકાંત બુચ, ખંભાળીયા.

**લગ્ન વિષયક જાહેરાત :**

- લગ્ન વિષયક જાહેરાત વિના મૂલ્ય પ્રકાશિત કરવામાં આવે છે. વોટ્સએપ દ્વારા બાયોડેટા મોકલી શકો છો. બી.કોમ.,એમએસ.સી.—આઇટી.,જ.૭/૧૯૮૪, જામનગર ખાતે નવા નગર બેંકમાં ૧૩ વર્ષથી નોકરી કરતા છૂટાછેડા થયેલ માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૯૧૦૬૩૭૨૯૮૯ વ્યોમેશભાઇ વૈદ્ય
- ICWA જ.૨/૧૯૮૩,ઉ.૧૬૪ સીએમ.,અમદાવાદ ખાતે ફાર્મા કંપનીમાં ફાયનાન્સ મેનેજર તરીકે નોકરી કરતા ત્રણ માસમાં છૂટાછેડા થયેલ યુવકને યોગ્ય કન્યા.સંપર્ક : મો.૯૯૭૯૦૨૩૭૦૬
- બીસીએ.,જ.૧૧/૧૯૯૦,ઉ. ૫'.૪" ૧૦ વર્ષની રાજકોટ ખાતે પોસ્ટ ઓફીસમાં કાયમી નોકરી કરતી માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૯૪૨૮૨૯૩૦૨૫
- ધો.૧૦ પાસ જ.૨/૧૯૯૨ ઉ.૫'.૬" જૂનાગઢ ખાતે ખાનગી નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૬૭૬૭૦૫૧

## સુપ્રસિદ્ધ વ્યક્તિની અપ્રસિદ્ધ વાતો : શ્રી હરીશ બૂચ

(મુંબઈ ખાતે પન્નાલાલ ટેરેસીસ સ્થિત કાર્ટૂનિસ્ટ રમેશ બૂચના સૌથી મોટા ભાઇ શ્રી હરીશ બૂચ.જેઓનું મુંબઈ ફિલ્મી પત્રકારત્વમાં એક સમયે ઘણું મોટું નામ..શાળા કોલેજમાં અભ્યાસ કર્યા વગર આત્મબળથી આગળ વધ્યા, પાવરફુલ ઈંગ્લીશ સાથે. ચિત્રલેખાના સ્થાપક તંત્રી શ્રી વજુભાઇ– માધુરીબેન કોટક સાથે કૌટુંબિક સંબંધો તેથી તેમના સાથ અને પોતાની કાબેલિયતથી ફ્રીલાન્સ જર્નાલિસ્ટ તરીકે કારકિર્દી શરૂ કરી. ફિલ્મફેર, સ્ટારડસ્ટ જેવાં અનેક સામયિકો માટે ઘણા વર્ષ લખ્યું. અનેક ફિલ્મી કલાકારો, ક્રિકેટરોના ઈન્ટરવ્યુ લીધા.જે દ્વારા દિલીપકુમાર, પટૌડી, જવાહરલાલ નહેરૂ જેવી અનેક નામાંકિત વ્યકિતઓ– હસ્તીઓ સાથે નિકટનો પરિચય ધરાવતા હતા. સ્ટારપોર્ટ્રેઇટ,ગ્રીનલીઝ જેવાં પુસ્તકો પણ પ્રકાશિત કર્યા. સારી નામના ને માન સન્માનો મેળવ્યાં હતાં.

હરીશભાઇને અનેક કલાકારો સાથેની મુલાકાત દરમ્યાન જાણવા મળતી કેટલીક અંતરંગ વાતો ૧૯૫૫થી ૬૦ના વર્ષના કલમ કડછી બરછીમાં ઉપરોકત હેડીંગ સાથે પ્રકાશિત થતી હતી.જેનો આજે સૌને ખ્યાલ આવે તેથી દિલીપકુમાર સાથેની અંગત વાતોના અંશ બંને મહાન વ્યકિતત્વને સ્મરણાંજલી રૂપે અત્રે પુનઃ પ્રકાશિત કરી રહયા છીએ.વાંચો...

બોમ્બે ટોકીઝના સ્ટુડિયોના મેકઅપ રૂમમાં અમો (હરીશભાઇ) તથા શ્રી દિલીપકુમાર બેઠા હતા. તેઓએ તેમના ચિત્ર 'દાગ'નું શુટીંગ જોવા અમોને આમંત્રેલ. શુટીંગ પૂરૂં થતાં તેઓ તેમના મેકઅપના રંગો સાફ કરી અમોને મલાડથી ગ્રાન્ટરોડ સુધી મૂકી જવાના હોઇ અમો તેમની સાથે એટમ–બોંબ અને ગાંધીવાદથી માંડી ક્રિકેટ અને હોકી સુધીના વિષયો ચર્ચી રહયા હતા.

ત્યાં મેકઅપ ઉતરતાં તેમણે ડ્રેસીંગ ટેબલ પરનો દાંતીયો ઉપાડી પોતાના વાળનું સમારકામ કરવા માંડયું.

બીજું તો ઠીક પણ તમોએ આ જથ્થાબંધ વાળ રાખવાની દિલીપકુમાર કટ જે ફેશન ચલાવી છે તેથી હેરકટિંગ સલૂનવાળા અને હજામોના ધંધાવાળાના ધંધામાં ભયંકર મંદી આવી ગઈ છે કારણ આજકાલ હજારો યુવકોએ તમારી માફક આગળ વાળના ગુચ્છા રાખી વાળ કપાવવાનું કામકાજ બહુ ઓછું કરી નાખ્યું છે. તમો હવે આમાં કાંઈ ફેરફાર કરો તો સારૂં નહિંતર આ ફિલ્મી નકલની ઘેલછા આજના યુવાનોના ચહેરાના કેવા હાલ કરશે તે કહી શકાતું નથી. કે પછી આમાં કંઈ તમારી ટ્રેઇડ સિક્રેટ છે? મે રમૂજ કરતાં કહયું.

શ્રી દિલીપકુમાર ખૂબ હસી પડયા અને બોલી ઉઠયા, ખરૂં કહું બાબત કાંઈ આવી જ છે. જો મારી પોલ બહાર ન પાડી ઘો તો...તમને કહેવાથી દિલીપકુમાર હેરસ્ટાઇલનું રહસ્ય સમજાવું. વાત એમ છે કે મારા વાળ એવા તો બરછટ છે કે ઓળ્યા પછી અમુક જગ્યાએ સ્થિર રહેતા જ નથી, જો હું તેને સ્થિર રાખવા પ્રયત્ન કરૂં છું તો મારૂં ધ્યાન વાળ તરફ વધારે રહેતું હોઇ હું ધાર્યો અભિનય આપી શકતો નથી, તેથી વાળને તેમના તેમ રહેવા દઉં છું. જુઓ તમને બતાવું...આમ કહીને અમને તેમણે જુદી જુદી રીતે તેમના વાળ ઓળી બતાવ્યા.જુઓ હવે ફરીને બધા વાળ ઓળું છું. તેવું બોલ્યા અને છતાં બધા વાળ નીચે સરી જતા.

આગલા ભાગમાં તે ગુચ્છા રૂપે એકઠા થઈ જાય છે. અને તે ગુચ્છો હવે લોકો દિલીપકુમાર કટ તરીકે ફેશન તરીકે માની બેઠા છે.એમાં મારો શું વાંક?પણ જુઓ મારી હેરસ્ટાઇલનું આ પોકળ બહાર ખુલ્લું ન કરી દેતા.તેમણે હસતાં હસતાં મને કહયું.

દિલીપકુમારનું આ હેરસ્ટાઇલનું આંધળું અનુકરણ વાળને ખૂબ વધારી અને મહામહેનતે આગળ ગુચ્છા પાડી પોતાની જાતને દિલીપકુમારમાં ખપાવવા માંગતા આજના હજારો ફિલ્મઘેલા લોકો આ રહસ્ય જાણશે ત્યારે તેમની હાલત કેવી થશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.

મે દિલીપકુમારને સૂચન કર્યુ કે હવે તમે એક કામ કરો એકાદ પિકચરની અંદર તમારા બધા વાળ કપાવીને અભિનય કરો પછી જોઇ લ્યો મજા...મને દિલીપકુમાર જ્યારે જ્યારે મળે ત્યારે આ પ્રસંગ યાદ કરી ખૂબ હસી પડતા.

---

<u>સુવિચાર :</u>

આપણે કોઈપણ વ્યક્તિ કે પરિસ્થિતિને મુલવતાં પહેલાં કે એમના વિશે ત્વરિત અભિપ્રાય બાંધી લેતાં પહેલાં થોડુંક ખમવું જોઈએ. એવું કરવામાં કાંઈ ખોટ જતી પરંતુ કયારેક પેટ ભરીને પસ્તાવો કરવામાંથી બચી જવાતું હોય છે.

દુનિયાને આપણે જે આપીએ એજ આપણને પાછું મળતું હોય છે.

જ્યાં સુધી 'મારૂં' હતું,મમત્વ હતું ત્યાં સુધી દુઃખ હતું. જેવું એ ગયું કે વેદના, આઘાત કે પીડા બધું જ ગાયબ થઈ ગયું. દુઃખ મમત્વ સાથે જોડાયેલું હોય છે, એનો અંત આવતાં જ સુખ અને શાંતિની શરૂઆત થાય છે.

ક્યારેય સંઘર્ષ છોડશો નહી આજે તમને તમારૂં ભવિષ્ય અંધકારમય લાગતું હોય પરંતુ કાલે સફળતાનો સૂરજ જરૂર ઉગશે. હિંમત હારશો નહી, બધું જ બદલાતું હોય છે ફક્ત રાહ જુઓ.

ભાંગી પડતાં પહેલાં કે હતાશ થતાં પહેલાં એટલું જરૂર વિચારવું જોઈએ કે દરેક રાત પછી એક દિવસ આવતો જ હોય છે. એ જ સૃષ્ટિનું ચક્ર છે. એજ સત્ય છે.

— ઠાકોરભાઇ ત્રિવેદી,રાજકોટ.

---





**શું તમે...?**
**તમારા મકાનનું રીનોવેશન કરાવવા માંગો છો ?**
**કે પછી વોટરપ્રુફીંગ કરાવવું છે? કે...**
**મકાન કે ઓફીસમાં કલરકામ કરાવવા ઈચ્છો છો?....તો-**
**આ સમયની તક ઝડપી લ્યો... બધું જ અમારા ઉપર છોડો**
**આકર્ષક અને ટકાઉ કામ કરી આપવાની અમારી ગેરંટી**
**બજારભાવ કરતાં વ્યાજબીભાવની અમારી કાયમી ખાત્રી**
**ફોન કરો : જયેશ વસાવડા-નિર્મળ કલર (અમેરીકન કલર)**
**મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭**


## વ્યક્તિ મટી હું બનું વિશ્વ માનવી... –મનહર વૈષ્ણવ,રાજકોટ.મો....

માનવની પ્રથમ ઓળખ તેના અસ્તિત્વની છે. માતાના ગર્ભમાંથી પૃથ્વી ઉપર પ્રથમ સ્પર્શ થતાં ઓળખનું અસ્તિત્વ શરૂ થાય છે. એ ઓળખ કોઈનો લાડકવાયો કે લાડકવાયી તરીકેની હોય છે. ધીરે ધીરે આ ઓળખ વિશેષણ મટી નામ બની જાય છે અને ત્યારથી એનું વ્યકિતત્વ નામધારી બની જાય છે. નામધારી વ્યકિતત્વમાં સારા,નરસા ગુણોનો આવિષ્કાર થતાં તે નામાંકિત વ્યકિત બની જાય છે.ત્યારબાદ તે સમયાંતરે પોતાની સારી નરસી કાબેલિયત વ્યક્તિત્વના સોપાન સર કરી સમાજમાં દેશમાં અને વિશ્વમાં મહત્વની વ્યક્તિ તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરે છે.

વ્યક્તિ એ ઉછરતી,ઉભરતી વેલ છે. તે સમાન્તર ગતિ કરે છે પરંતુ ઉર્ધ્વગતિ માટેના વિકાસ માટે તેને વાડની કે કોઈ વટવૃક્ષની જરૂર પડે છે. આ એક ભૌતિક ગતિ છે,સિદ્ધિ છે, પરંતુ તે વ્યકિતમાં છૂપાયેલી,ધરબાયેલી વૈશ્વિક ઓળખ ઉભી થાય તેવી શકિતનો જેમ ઊંઘમાં કોઈ ઢંઢ ોળીને ઉઠાડે પછી એ વ્યકિત મટીને વિશ્વ માનવ બની જાય છે.




અર્જુન પ્રબળ શક્તિશાળી હતો,અમોઘ બાણાવાળી હતો. તેનામાં આ ગુણોનું ગુરૂ દ્રોણ દ્વારા સિંચન કર્યું હતું પરંતુ અર્જુનની અસલ ઓળખ શ્રીકૃષ્ણના વિરાટ દર્શન પછી થઈ.દ્રૌણ શિષ્ય અર્જુન મહાભારતની લડાઈ સુધી માત્ર યોદ્ધો કે વ્યક્તિ હતો પરંતુ શ્રીકૃષ્ણના ગીતાદર્શન પછી તેનામાં સગા, સંબંધી,સેવાનાં મૂલ્યનું જ્ઞાન થયું ત્યારે તે વ્યક્તિ મટી,યોદ્ધો મટી એક જ્ઞાની બની જઈ વિશ્વ માનવી બની ગયો.



સાઉથ આફ્રિકાના સ્ટેનબર્ગ રેલ્વે સ્ટેશન ઉપર અંગ્રેજ ટિકિટ ચેકરે ટ્રેઇનમાંથી ધક્કો મારી પ્લેટફોર્મ ઉપર ફંગોળી દીધેલ મોહનદાસ ગાંધીએ ક્ષણ સુધી માત્ર વ્યક્તિ હતો પરંતુ એક ટક્કરે તેના વ્યકિત તરીખેના કર્તવ્યના બારૂદને ચીનગારી ચાંપી અને એ મોહનદાસ,મહાત્મા ગાંધી બની ન ભુતો ન ભવિષ્યતિ જેવો વિશ્વ માનવ બની ગયો.

ભક્ત કવિ નરસિંહ મહેતાની તલસ્પર્શી રચનાઓ,જ્યાં સુધી નરસિંહ તેની ભક્તિમાં આરૂઢ હતા ત્યાં સુધી મર્યાદાના કવચમાં છૂપાયેલી હતી. વિચક્ષણ નાગરીનાત તેની આ શક્તિથી પરિચિત હતી. ઈશ્વરની ઈચ્છા તેના આ મહાન દર્શકને વિશ્વ કક્ષાએ મૂકવાની હશે.તેથી જ્ઞાતિએ આ માટે વિરોધનું શસ્ત્ર ઉચક્યું. વિરોધ વગર અવરોધ દૂર થાય નહિં તેથી પ્રથમ તેને 'નાત બહાર' મૂક્યા,જેથી જ્ઞાતિના કુવાના દેડકા ન બની રહેતાં, વિશાળ મહાસાગરના તરવૈયા બની શકે.રાજકીય ક્ષેત્રે તેની ભક્તિની



શકિતને પડકાર કરી 'હારમાળા'જેવો પ્રસંગ ઉભો કર્યો અને નરસિંહ હવે માત્ર મુઠ્ઠીભર નાગર જ્ઞાતિના મટી, સપાટીથી ઉપર આવી બિરાજ્યા, જો કે તેમ છતાં તેને વિશ્વ માનવી બનતા પાંચસો વર્ષ લાગ્યાં, જ્યારે ગાંધીનું અવતરણ થયું અને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...'ના પદને મહાત્મા ગાંધીએ તેના જીવનનું 'તકીયા કલમ'બનાવ્યું અને ત્યારે તેના રચનાકાર તરીકે શ્રી નરસિંહ મહેતા વિશ્વ વંદનીય મહાત્મા ગાંધી સાથે વિશ્વ માનવી બની ગયા.

વ્યક્તિ બનવું અને વિશ્વ માનવી બનવું એ બે વચ્ચે ઘણી લાંબી તપસ્યા છે. સાંસારિક,ભૌતિક, પ્રલોભનિક વાતાવરણની વ્યકિત તરીકેના જીવનમાંથી બહાર આવવું બહુ અઘરૂં છે. વ્યકિત તરીકેની થોડીક પણ સામાજીક ઓળખ અને ઉન્નતિ મળતાં થોડું અભિમાન આવી જતાં વાર નથી લાગતી. પોતાનો સામાજીક માન મોભો જળવાય રહે તેના પ્રયત્નમાં વ્યકિતમાં દંભીપણુ આવી જાય છે. વ્યકિતની હાજરીમાં, સમારંભોમાં તેની પ્રશંસાના વેરાયેલાં પુષ્પો,તેની ગેરહાજરીમાં 'કાગઝ કે ફુલ' બની જતાં હોય છે. આવા સંજોગોમાં અટવાયેલી વ્યકિત,કદી વ્યકિત મટી શકતી નથી અને પરિણામ તેનું વ્યકિતત્વપણુ તેના અસ્તિત્વ સુધી જ રહે છે.તે વ્યકિત કદી વિશ્વ માનવીનું બિરૂદ મેળવી શકતી નથી.

વિશ્વ માનવીનું બિરૂદ એ કોઇ ઇલ્કાબ રૂપે કે એવોર્ડ રૂપે આપી શકાતું નથી.વિશ્વ માનવીપણુ તો ફુલોની સુગંધ જેવું છે. જે પવનની ગતિ સાથે સમગ્ર વિશ્વમાં ફેલાય જાય છે. એક આદર્શને,એક સંદેશને,એક કદી ન વિસરી શકાય એવી કરણી મૂકી જનાર વ્યકિત જ વિશ્વ માનવી બની શકે.ત્યારબાદ તે માનવીની કોઇ જ્ઞાતિ,કોઈ દેશની વ્યકિત ઓળખ કે કોઈ સરખામણી નથી હોતી,માત્ર એની પહેચાન, ઓળખ તેનો આદર્શ,સંદેશ તેની કરણી બની રહે છે, માટે જ વિશ્વ માનવ સદીઓમાં ક્યારેક કોઈ એક અવતરે છે.વ્યક્તિત્વ મીટાવી શકે તે જ વિશ્વ માનવી બની શકે તેથી આપણા મૂર્ધન્ય વિદ્વાન કવિશ્રી ઉમાશંકર જોશીએ આને વણી લીધું કે 'વ્યક્તિ મટી બનું હું વિશ્વ માનવી,માથે ચડાવું ધૂળ વસુંધરાની' વસુંધરાની ધૂળ માથે ચડાવવાની જેનામાં ક્ષમતા હોય તે જ બની શકે વિશ્વ માનવી !

<u>**સગપણ સગાઈ :**</u>

— રાજકોટનાં સ્વ.કલ્પનાબેન તથા નરેશભાઇ નીતિરાય બુચનાં પુત્રી કૃણાલીનું સગપણ જામનગરનાં શ્રીમતી કલ્યાણીબેન તથા રાજેન્દ્રભાઇ રમાકાંતભાઇ અંતાણીના પુત્ર રથિન સાથે.

— જામનગર સ્થિત દીપકભાઇ મધુસુદનરાય ધોળકિયાનાં પુત્રી ધરતીનું સગપણ અમદાવાદ સ્થિત ચેતનભાઇ કૃષ્ણપ્રસાદ બક્ષીના પુત્ર તિરથ સાથે.

— રાજકોટ સ્થિત સમીર ઋષિકેશભાઇ વસાવડા તથા શ્રીમતી વિભૂતિ વસાવડાના પુત્ર વેદાંતનું સગપણ જામનગર સ્થિત નીલેશભાઇ તથા શ્રીમતી નૈમિષા વત્સરાજનાં પુત્રી પલક સાથે.

— અમદાવાદ સ્થિત કેતનભાઇ તથા હિનાબેન વછરાજાનીનાં પુત્રી કેનાનું સગપણ જામનગર નિવાસી નીલેશભાઇ તથા હિનાબેન ઓઝાના પુત્ર વત્સલ સાથે.




આ મહાશયને આપણા જેવો જ અનુભવ થયો લાગે છે કે આ શાળામાં ડોનેશન વિના વિદ્યાર્થીને ડોનેશન વિના અડમિશન મળતું નથી. તેથી જુઓ તેમણે ગુસ્સામાં પાટિયાં પર એ મુજબ સુધારો લખી નાખ્યો. (રમેશ બૂચના કાર્ટૂન ચિત્રોમાંથી)

# પતિ-પત્ની # રોમાન્સ # હાસ્ય

એક સ્નેહભરી સવારે એક પતિ, જે કવિ છે, પોતાની પત્ની જોડે નાસ્તો કરવા બેસે છે તે સમયે, પત્ની પ્રેમથી એમનો હાથ પકડતા કહે છે, મારા હાથમાં તમારો હાથ અને તમારા હાથમાં મારો હાથ; આ તે કેવું સુંદર, મારા પ્રાણનાથ ! પતિએ રમુજ કરતા કહયું; સાવ સાચી તારી વાત કે હાથોમાં હાથ જતાવે જીવનભરનો સાથ, પણ નાસ્તો કરતા સમયે, ના તારો હાથ, ના મારો હાથ, મને પસંદ છે ખારો હાથ. અર્થાત; હે મધમીઠી ! મારી પ્રેમની પુસ્તક સમાન પરમપ્રીય પત્ની ! તુ આપ મારા હાથમાં થોડા સેવ મમરા, ખાલી પેટે બોલવા લાગે મારા માથામાં તમરા ...

બસ ! પછી તો વાત પૂછોમાં ! પત્નીનો મીજાજ ગરમ થઈ ગયો, નાસ્તો નરમ થઈ ગયો, ભુખ ભાગોળે ભાગી ગઈ, સેવ શરમાઈ ગઈ, મમરો મૂંઝાઈ ગયો, બિસ્કીટ બીચારુ દૂધમાં ડૂબકી મારે, ગાંઠીયો ગંભીર, જલેબી બની જીભની જંજીર, ચા ચકડોળે ચડી ગઈ. બસ, કંઈક આવી રીતે એ કવિની પત્ની લડી ગઈ.
પણ સાહેબ, સવારના ભુખ લાગી હોય ત્યારે ભાગ્યવાન આવીને ભીની વાતો કરે, તો ભોળો ભરથાર બિચારો શું કરે ? પણ ઠીક છે. એ દિવસ થી બન્ને એ નક્કી કર્યું, નાસ્તો કરતા સમયે વાતો ના કરવી.

– પાર્થેશ નાણાવટી

કિસ્સાઓની કિસ્મતમાં નથી, કે કડી જોડે મારા નામની,
શબ્દ પણ શોધે મારી કલમને, એટલી કૃપા છે શ્રીરામની

અભિમાન નહી,અભ્યર્થના જ સમજજો મારા વાક્યોને,
મદ આવે જો કલાનું, તો માઁ સરસ્વતીની વિદ્યા શું કામની

આપ સહુની કદર થકી, તો વેગ મળ્યો છે મારા વાક્યોને,
પ્રભુ કરે જરૂર ન પડે,કોઈ લેખકને લખાણોના લિલામની

– પાર્થેશ નાણાવટી

જીવન વિમો તમારા માટે નથી,
એ એમની માટે છે જેને તમે બેહદ પ્રેમ કરો છો..
જી હા, વિમા ક્ષેત્રમાં વર્ષોના અનુભવી એવા શ્રી પાર્થેશ નાણાવટી આપના અને આપના પરિવાર માટે વિમા રોકાણ, ઈન્વેસ્ટમેન્ટ બાબતોને સરળ કરવા સેવાકૃત છે.
♦ટર્મ પ્લાન ♦ બાળ યોજના ,
♦ગેરેન્ટેડ ગવર્નમેન્ટ વળતર,
♦માર્કેટ આધારીત પ્લાન♦ બીઝનેસ ઈન્સયુરન્સ
♦પેન્શન/રીટાયરમેન્ટ પ્લાન,
♦માસિક આવક યોજના વગેરે...
તો આજે જ સંપર્ક કરો, કોલ કરો અથવા વોટ્સએપ કરો : પાર્થેશ નાણાવટી–રાજકોટ
મો. ૯૯૦૪૨૦૦૨૦૪
તમારી આજને સમૃદ્ધ, કાલને સુરક્ષીત બનાવો

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩